# સે-૧માં તંત્રએ ૧૫ દુકાનોને સીલ મારી દીધુ : વેપારીઓમાં ઉચાટ

## સે-૨૨ માં વેપારીઓની રજુઆતના અંતે ૧૫ દિવસની રાહત : વેપારીઆની વૈકલ્પિક વ્યવસ્થા માટે દોડધામ : હજુ પણ હેતુફેરના કિસ્સામાં નોટીસ આપવાનુ જારી રહેશે

ગાંધીનગર તા ૧૭ રહેણાંકમાં હેતુફેરનો મુદ્દો નગરના વેપારીઓ માટે મોટો શિરદર્દ બન્યો છે. રહેણાંક વિસ્તારમાં ધમધમતી દુકાનો બંધ કરી દેવા માટે તંત્રએ નોટીસ આપ્યા બાદ હવે તંત્રના અધિકારીઓ દુકાનો સીલ કરવાના આકરા પગલા લઈ રહ્યા છે. આજે સે-૧ માં સ્થિત પંચશીલ કોમ્પલેક્ષની ૧૫ જેટલી દુકાનો સીલ કરવામાં આવી હતી. જયારે સે-૨૨ માં વેપારીઓની રજુઆતના અંત ૧૫ દિવસની મુદત આપવામાં આવી છે.

શહેરમાં દબાણોનો કડુસલો બોલાવાની સાથે મ્યુનિ તંત્ર દ્વારા રહેણાંકમાં ધમધમતી કોર્મશિયલ દુકાનો સામે પણ તવાઈ બોલાવી છે. જેના લીધે તંગદીલી અનુભવતા વેપારીઓમાં પણ ફફડાટ પ્રવર્તયો છે. તંત્ર દ્વારા દબાણ અને હેતુફેરના કિસ્સામાં નોટીસ અપાયા બાદ વેપારીઓને આ પ્રવૃતિ ટુંકા ગાળામાં જ બંધ કરી દેવા સુચના આપવામાં આવી છે. ત્યારે એકબાજુ વેપારીઓ દુકાનો ખાલી કરવા સહીત શટર ખુલ્લા કરવાના કામે લાગી ગયા છે.જયારે દુકાનોનો સામાન ખસેડી વૈકલ્પિક વ્યવસ્થાની તલાશ કરવી પણ વેપારીઓનુ મુખ્ય કામ બન્યુ છે. દુકાનો ખાલી નહીં કરો તો તંત્ર દ્વારા સીલ મારી દેવાશે સત્તાધીશોના આકરા મિજાજનો આજે સે-૧ ના

● અનુસંધાન પાન-૭ પર





### સે-૨૨માં વેપારીઓએ દુકાનોના શટર કઢાવી માલસામાન ખાલી કર્યો



સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં ધમધમતી દુકાનો બંધ કરવા માટે તંત્ર દ્વારા અગાઉ નોટીસ અપાયા બાદ આજે સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જયારે વેપાર ધંધા આટોપીને દુકાનોનો સામાન યોગ્ય ઠેકાણે પહોંચતો કરવા માટે વેપારીઓ રાત દિવસ દોડધામ કરતા નજરે પડે છે. સે-૨૨ માં સ્થિત શાલીન કોમ્પલેક્ષના વેપારીઓએ આજે દુકાનોના શટર કઢાવી નાંખ્યા હતા. જયારે દુકાનોનો સામાન પણ ખાલી કરી દીધો હતો. તંત્રની આ ઝંબેશથી વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે. વેપારીઓ દુકાનોના શટર ખોલાવી સામાન ખાલી કરાવતા નગરમાં મજુરોની ડીમાન્ડ પણ વધી ગઈ છે.

### અમે નાના વેપારી છીએ દુકાનો સીલ થશે તો રસ્તા પર આવી જઈશુ...

અમે નાના માણસ છીએ .. રોજ કમાઈને રોજ ખાઈ છીએ..ઘરમાં બીજા કોઈ કમાનારા નથી..દબાણો દુર કરે વાંધો નથી.. ઈમ્પેકટ ફી નો મુદ્દો અધ્ધરતાલ રહ્યો..હરાજીમાં દુકાનો ખરીદવાનુ અમારી તાકાત નથી. વસતી અને વિકાસ મુજબ શહેરમાં વેપાર ધંધા માટે આયોજન નથી.. અને અચાનક જ તંત્રએ દુકાનો ખાલી કરવા માટે સુચના આપી દીધી .. દુકાનો સીલ થશે તો રસ્તા પર આવી જઈશુ.. શુ કરીએ કયાં જઈએ કાંઈ સમજાય તેમ નથી. રાહત મળવી જોઈએ..ભારે મુંઝવણ ઉભી થઈ છે. આવા ઉદગારો સાથે દુકાનો શટર ઉખાડી કાટમાળ વચ્ચે બેઠેલા વેપારીઓ તંત્ર પર પસ્તાળ પાડી રહ્યા છે. હવે શુ કરીશુ ...

### વેપારીઓ દુકાન ખાલી કરવાના કામે લાગી ગયા

શહેરમાં વર્ષોથી ધમધમતી દુકાનોમાં હેતુફેરના મામલે નોટીસ આપ્યા બાદ મામલો દુકાનો સીલ કરવા સુધી પહોંચી જતા આખરે વેપારીઓએ દુકાનનો સામાન ખાલી કરવામાં લાગી ગયા છે. આડા દિવસોમાં દુકાનમાં માલ સામાન ભરવામાં વ્યસ્ત રહેતા વેપારીઓ માટે મુંઝવણ વધતા હવે સામાન ખાલી કરવામાં આવી રહ્યો છે. દિવસ અને રાત દુકાનોના સામાનને અન્ય ખસેડવા માટે મજુર અને ટ્રાન્સપોર્ટેશનના જુગાડમાં લાગ્યા છે. ગમે ત્યારે દુકાન સીલ થાય તેવા સંજોગોમાં પોતાનો કીંમતી સામાન સાચવીને ખસેડી લેવાનુ મુનાસીબ માન્યુ છે.



નગરના વસતી અને વિકાસ મુજબ સેકટરોમાં કોર્મશિયલ બિલ્ડીંગો બાંધવા તેમજ વેપાર ધંધાને વિકસવવા માટે કોઈ આયોજન કરવામાં આવતુ નથી. વસતી મુજબ કોર્મશિયલ બિલ્ડીંગ બાંધવામાં આવતા નથી. હરાજીના ભાવો વેપારીઓને પોષાય તેવા હોતા નથી. ત્યારે ઘરમાં રહીને ધંધો કરતા વેપારીઓને ઈમ્પેક્ટ ફી હેઠળ આવરી લઈને સેકટરોમાં વેપાર ધંધો કરવાની છુટ આપવી જોઈએ.

**ગણપત ઠાકોર વેપારી સે-૨૨**



આ ધંધો બંધ થઈ જશે તો બહુ મોટો પ્રશ્નાર્થ સર્જાશે અન્ય કોઈ કોર્મશિયલ પ્રોપર્ટી નથી. અગાઉ ઈમ્પેકટ ફી હેઠળ આવરી લેવા માટે પણ અરજી કરી હતી. પરંતુ હજુ સુધી કાંઈ થયુ નહીં અને હવે અચાનક જ સીધી દુકાનો સીલ કરવા સુધીના પગલા લેવા તંત્ર એકશન મોડમાં છે. ત્યારે વર્ષોના ધંધા વેપાર બંધ થઈ જવાથી વેપારીઓ બેકાર બની જશે.

**અમૃત પટેલ વેપારી સે-૨૨**



આ બધામાં આમ નાગરિકોનો મરો થાય છે. દબાણ થયા છે. તે ખોટુ છે. વેપારીઓ સ્વેચ્છાએ દબાણો દુર કરી રહ્યા છે. પરંતુ હેતુફેરના મામલે વેપારીઓ દયાજનક સ્થિતિમાં મુકાયા છે. રાહત આપવી જોઈએ. હજારો નાના વેપારીઓ રોજ કમાઈને રોજ ખાય છે. નાનો મોટો ધંધો કરી પેટીયુ રળતા વેપારીઓના પેટ પર લાત મારવા સમાન આ કાર્યવાહીના અંતે યુવાનોનો રોટલો છીનવાઈ જશે. વેપારીઓ પાસેથી બધા કોર્મશિયલ ટેક્ષ વસુલવામાં આવે છે. સે-૨૪ માં મધ્યમવર્ગની વસતી છે. સરકાર ગૃહ ઉદ્યોગો માટે એકબાજુ લોન આપે છે. અને બીજીતરફ ધંધા બંધ કરાવે છે. બેંક લોનના હપ્તા કેવી રીતે ભરવા તેની પણ મુંઝવણ નાના વેપારીઓ માટે ઉભી થઈ છે. વી આઈ પી સેકટરોમાંથી પણ દબાણો દુર થવા જોઈએ. ઈમ્પેકટ ફી નો અમલ કરી રેગ્યુલરાઈઝ કરવાની યોજના પણ વિસરાઈ ગઈ છે. અને અચાનક જ નગરના નાના વેપારીઓના વેપાર ધંધા બંધ કરાવવા હિલચાલ શરૂ થઈ ગઈ છે.

**સત્યનારાયણ હનુમાનપ્રસાદ શર્મા વેપારી સે-૨૪**



દબાણ અને હેતુફેર મામલે થતી કામગીરીમાં કોઈ સિસ્ટમ જળવાતી નથી. વી આઈ પી સેકટરોમા કાંઈ થતુ નથી. વ્હાલા દવલાની નીતી અપનાવાય છે. અચાનક જ દુકાનો બંધ કરાવાની હરકતથી નાના વેપારીઓએ ક્યાં જવુ તે મુંઝવણનો વિષય છે. અગાઉ લારી ગલ્લા દુર કર્યા પાછા યથાવત ગોઠવાઈ ગયા જયારે સે-૨૪ માં અધુરુ કામ છોડીને બીજા સેકટરોમાં દુકાનો સીલ કરાવવાનુ શરૂ કરાયુ. તંત્ર કયા સેકટરમાં શુ કામ કરશે વેપારીઓ અજાણ છે. આયોજન વગર અભિયાન હાથ ધરાયુ છે.

**સંજય ગોસ્વામી વેપારી સે-૨૨**



શહેરમાં જયારે દબાણ ઉભુ થતુ હતુ ત્યારે તંત્રના ધ્યાને ન આવ્યુ. શહેરના વિકાસ મુજબ ધંધાકીય નવી તકો ઉભી થાય તે માટે કોઈ આયોજન થતુ નથી. વસતી વધતી જીય છે. બિલ્ડરોએ અમને છતર્યા. આ બિલ્ડીંગો અઢી દાયકા જુના છે. ઈમ્પેકટ ફી ની અરજી પણ પહોચાડી હતી. પરંતુ આ મામલે પણ કાંઈ થયુ નથી.

**અનિલ પટેલ વેપારી સે-૨૨**



છેલ્લા એક દાયકામાં નગરનો વિકાસ થયો છે. વસતી પણ નોંધપાત્ર વધી છે. ત્યારે સેકટરોમાં આમ નાગરિકોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તે માટે શોપિંગ સેન્ટર અનિવાર્ય છે. શહેરમાં ચાર પાંચ પ્લોટોની જ હરાજી થઈ છે. દરેક સેકટરમાં જગ્યા છે. પરંતુ કોર્મશિયલ બિલ્ડીંગ બનતા નથી. અચાનક જ હેતુફેરનો મુદ્દો ઉઠાવી દુકાનો સીલ કરવાની પ્રક્રીયા હાથ ધરાતા દુકાન માલિકો તેમજ તેમાં કામ કરતા સ્ટાફની રોજગારી સામે પણ મોટો સવાલ મંડરાયો છે. અત્યાર સુધી તમામ વેરા કોર્મશિયલ ધોરણે ચુકવ્યા છે. ત્યારે હવે આ દુકાનો પણ કોર્મશિયલ કરી આપવી જોઈએ. હેતુફેરનો પ્રશ્ન આખા રાજ્યમાં છે.

**કાર્તિક પટેલ સે-૨૨ વેપારી**



નાના વેપારીઓનુ હરાજીમાં કામ નથી. હરાજીમાં બિલ્ડરો મેદાન મારી જાય છે. ત્યારે નાનો મોટો ધંધો કરી પરિવારજનોનુ ગુજરાન ચલાવતા વેપારીઓની રોજગારી છીનવાય નહી તેનો ખ્યાલ રાખવો જોઈએ. વૈકલ્પિક વ્યવસ્થા ન આપ્યા વગર આ પ્રકારના આકરા પગલા લેવાય વેપારીઓ બેહાલ બની જશે

**દિપક પટેલ વેપારી સે-૨૨**



અમારો ધંધો નાનો છે. ઘરમાં કરવા દેવાની છુટ આપે કોર્મશિયલ દુકાનો ખરીદવાની તાકાત નથી. બેંકના ખાતામાં પૈસા નથી તો લાખોની દુકાન કઈ રીતે ખરીદવી તે મુંઝવણરૂપ બાબત છે. ૧૫ દિવસ દુકાન બંધ રહી તો બાળકોની ફી કઈ રીતે ભરવી તેના ફાંફા પડ્યા છે. અમે ધંધો કરીએ છીએ ભાડુ નથી ખાતા..ઘરમાં બીજા સભ્યો કમાનારા નથી વૈકલ્પિક વ્યવસ્થા પણ કરી નથી. દુકાન સીલ કરવામાં આવે તો રોડ પર આવી જવાનો વારો આવશે.

**હેતલ પટેલ વેપારી સે-૨૪**

# જિલ્લાના ઉનાવાની પ્રૌઢા સ્વાઈન ફ્લુમાં સપડાઈ

ગાંધીનગર, તા. ૧૭ ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામમાંથી આજે એક મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવેલ છે. આ સાથે આ સિઝનમાં ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૮ પર પહોંચી છે.

ઉનાવા ગામની ૬૪ વર્ષીય પ્રૌઢાને આજે સ્વાઈન ફ્લુ પોઝીટીવ પરીક્ષણમાં જણાયેલ છે અને તેણીનીને ગાંધીગર સિવિલ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

તંત્ર દ્વારા દર્દીના ઘર અને તેની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરીના આદેશ જારી કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૮ કેસ નોંધાયા છે અને ૮ એ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. સ્વાઈન ફ્લુના કેસોને શોધવા માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના આદેશો આરોગ્ય કમિશ્નરશ્રીએ ગત સપ્તાહના અંતિમ દિવસોમાં આપ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે શનિવારે વાવોલ અને સાદરામાંથી પણ સ્વાઈન ફ્લુના કેસો મળ્યા હતા. તંત્ર દ્વારા જિલ્લામાં સ્વાઈન ફ્લુ સામે જન જાગૃતિનું અભિયાન છેડવાનું આયોજન તૈયાર કરી દેવામાં આવ્યુ છે. જે આખરી થતાં જ અમલી બનાવી દેવામાં આવશે.

# વિધાનસભાનું આજથી ચોમાસુ સત્ર







આજથી ગુજરાત વિધાનસભાના બે દિવસના ચોમાસુ સત્રનો આરંભ થઈ રહ્યો છે. પ્રથમ દિવસે શોકદર્શક ઉલ્લેખો અને સરકારી કામકાજ હાથ ધરવામાં આવશે.

વિધાનસભાના બીજા દિવસે બે બેઠકો રાખવામાં આવી છે જેમાં પણ સરકાર તરફથી વિવિધ વિધયકો રજુ કરવામાં આવનાર છે.

વિધાનસભાનું આ બે દિવસીય સત્રમાં સત્રનો અંતિમ દિવસ તોફાની બનશે તેમ મનાઈ રહ્યુ છે. વિપક્ષ દ્વારા સરકાર સામે લાવવામાં આવેલી અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી અને ચર્ચા માટે હાથ પર લેવાની માંગ વિપક્ષ કરશે તેમ જાણવા મળેલ છે.

પ્રથમ દિવસે શોકદર્શક ઉલ્લેખો હોવાને કારણે આ પછી ગૃહની કાર્યવાહી મુલ્તવી રાખવામાં આવશે. જોકે વિધાનસભાને ઘેરાવ માટેનું એલાન આપવામાં આવ્યુ હોવાથી રાજકીય ઉત્તેજનાઓ પાટનગરમાં જોવા મળી રહી છે.

વિધાનસભા ગૃહમાં ચોમાસુ સત્ર દરમ્યાન સભ્યો તરફથી ખુબ મોટી સંખ્યામાં પ્રશ્નો રજુ થયા હોવાથી તંત્ર પણ તેની દોડધામમાં અટવાયુ છે.

# ભારતના વિકાસ માટે સ્વદેશી મોડેલ શ્રેષ્ઠ વિકલ્પ

**સમર્પણ કોલેજમાં ૧૦ કોલેજોના અધ્યાપકો અને વિદ્યાર્થીઓના વિષય સજ્જતા શિબિરમાં પ્રો. હેમંતકુમાર શાહે રજુ કરેલો મત**



ગાંધીનગર, તા. ૧૭ ભારત દેશના વિકાસ માટે સ્વદેશી મોડેલ એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે તેવો સ્પષ્ટ મત જાણીતા અર્થશાસ્ત્રી પ્રો. હેમંતકુમાર શાહે વ્યક્ત કર્યો છે.

ગાંધીનગરની સમર્પણ કોલેજ ખાતે ૧૦થી વધુ કોલેજોના અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો અર્થશાસ્ત્ર વિષયને લઈ યોજાયેલ સજ્જતા શિબિરમાં બોલતાં ડૉ. હેમંતકુમાર શાહે જણાવ્યુ હતુ કે વિકાસનું વિદેશી મોડલ ભારત માટે કામનુ નથી. સ્વદેશી મોડલ જ બધા લોકોનો વિકાસ કરી શકે. હિન્દુ સંસ્કૃતિ બધાના વિકાસની ઈચ્છા રાખે છે થોડા લોકોના નહિ.

તેમણે જણાવ્યુ હતુ કે શક્ય તેટલા પ્રમાણમાં સ્થાનિક સ્તરે ઉત્પાદન, સ્થાનિક સંશાધનો દ્વારા ઉત્પાદન અને સ્થાનિક સ્તરે વપરાશ એ જ ઉપાય છે.

શાહે કહ્યુ હતુ કે બજાર ગરીબોનું કલ્યાણ નહિ કરે, કારણ કે તે નિર્દય છે. સરકારે જ તેમનુ કલ્યાણ કરવુ પડે. સુશાસન તેનો ઉપાય છે.

તેમણે કહ્યુ કે ભારત વિદેશ વ્યાપારને આધારે વિકાસ નહિ કરી શકે એમાં તો આયાત કરતાં નિકાસ ઓછી જ રહે છે અને તેથી રૂપિયાનું અવમૂલ્યન થાય છે અને થયા જ કરશે.દેશમાં વધતી જતી અસમાનતા અંગે પણ ઉલ્લેખ કરતાં શાહે કહ્યુ હતુ કે દેશમાં અસમાનતા ભયંકર છે. એક તરફ ૧.૫૦ લાખ રૂ.માં સરકાર ગરીબને ઘર બાંધી આપે છે અને બીજી તરફ એક ધનવાનના ઘરનુ મહિનાનું લાઈટ બિલ રૂ. ૭૦ લાખ છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com